| | | | | |
|---|---|---|---|---|
| દાખલ તારીખ | : | ૧૬–૧૨–૨૦૨૪ | | |
| રજી. તારીખ | : | ૧૬–૧૨–૨૦૨૪ | | |
| નિકાલ તારીખ | : | ૨૩ –૦૩–૨૦૨૬ | | |
| સમયગાળો | : | વર્ષ | માસ | દિવસ |
| | | | | |

**<u>સતલાસણાના મહે. જ્યુડી.મેજી.શ્રી (જે.ડી.પટેલ સાહેબ) ની</u>**

**<u>અદાલત સમક્ષ, મુ. સતલાસણા.</u>**

**ફોજદારી કેસ નંબર :–૬૫૭ /૨૦૨૪**

**આંક :– ૨૬**

**ફરીયાદી :–** ઠાકોર કૈલાસબેન પરબતજી,
ઉ.વ.આ.પુખ્ત,ધંધો–ખેતી/ઘરકામ,
રહે. વાવડી(ગઢ) (ઠાકોર વાસ),
તા.સતલાસણા, જિ.મહેસાણા.

*વિરૂધ્ધ*

**આરોપી :** સથવારા મયુરકુમાર કનુભાઈ,
ઉ.વ.આ. પુખ્ત, ધંધો– પ્રાઈવેટ જોબ
(બેન્ક ઓફ બરોડામાં),
રહે. વાવ, હે. ચોક ચબુતરા પાસે,
તા.સતલાસણા,જિ.મહેસાણા.

***<u>ગુનોઃ–ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબ.</u>***

---

**રજુઆત – ફરીયાદ પક્ષ તરફે – એલ. એ. મેવા**
**બચાવપક્ષ તરફે – આર. એસ. દરજી**

---

**–:: ઠ રા વ ::–**

(૧).. ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, ફરીયાદી મોજે–વાવડી(ગઢ) મુકામે ઘરકામનો ધંધો કરી પોતાના પરીવારનુ ગુજરાન ચલાવે છે. તેમજ તેઓનું સતલાસણા મુકામે બેંક ઓફ બરોડામાં ખાતુ હોઈ અને આરોપી પણ ત્યાં નોકરી કરતા હોઈ તેઓ બેંક એકાઉન્ટના પૈસાની લેવડ –દેવડ અને અન્ય બેંકના કામકાજ સારૂ બેંકમાં આવતા જતા ત્યારે ફરીયાદી અભણ હોઈ, પૈસા જમા ઉપાડવાની સ્લીપ જાતે લખીને ભરી શકતા ન હોઈ, આ કામના આરોપી ફરીયાદીને ઘણી વાર સ્લીપ ભરી આપતા અને બેંકના કામકાજની માહીતી આપતા. જેથી ફરીયાદી અને આરોપી વચ્ચે ઔપચારીક મુલાકાતો થતી અને એકબીજાને અવાર નવાર મળવાનુ થતુ હોઈ, આરોપી સાથે ગાઢ ઓળખાણ થયેલી. વધુમાં ફરીયાદીને ઘર બનાવવાનુ કામકાજ ચાલુ હોઈ, તે માટે પૈસાની જરૂર હોઈ ફરીયાદી આ કામના આરોપીને સારી રીતે ઓળખતા હોઈ, તેથી લોન કરાવવા આરોપીને વાત કરેલી. આરોપી બેંકમાં નોકરી કરતા હોઈ, અને આજુબાજુના ગામના હોઈ, ફરીયાદીએ આરોપી ઉપર વિશ્વાસ અને ભરોસો મુકેલ અને રૂા. ૧,૧૫,૦૦૦/– (અંકે રૂપિયા એક લાખ પંદર હજાર) પુરાની લોનની વાત કરેલી અને લોન કરી આપે તો, જે કમીશન હશે તે આપવુ પડશે તે વાત સાથે ફરીયાદી સંમત થયેલ. ત્યારબાદ આરોપીએ લોન માટે ડોકયુમેન્ટની માંગણી કરેલ, તે ડોકયુમેન્ટ ફરીયાદીએ બેંકની પાસબુક, ડેરીનુ સ્ટેટમેન્ટ, આધાર કાર્ડ, અને ફોટા વિગેરે આરોપીને આપેલ અને આરોપીએ કહેલ કે, એક અઠવાડિયામાં લોન આવી જશે એવી વાત કરેલી. અઠવાડિયા પછી બેંક ઓફ બરોડામાં આરોપીએ ફરીયાદીને બોલાવેલ અને ફરીયાદીને કહેલ કે, તમે આ કાગળો પર સહી કરીને જાવ એટલે તમારી લોન તમારા એકાઉન્ટમાં અકે અઠવાડીયામાં આવી જશે. જેથી ફરીયાદીને સહી કરતા આવડતુ ન હોઈ અં

ગુઠો કરેલો.ત્યારબાદ ફરીયાદીએ અઠવાડિયા પછી ફોન કરતા, આરોપીએ ફરીયાદીનો ફોન ઉપાડવાનો બંઘ કરી દીઘેલ. ત્યારબાદ બેંકમાં તપાસ ફરીયાદીને જાણ થયેલ કે તેમના નામે એક લાખ પંદર હજાર પુરાની લોન પાસ થઈ ગયેલ છે અને ફરીયાદીના ખાતામાંથી આરોપીએ ફરીયાદીની ખોટી સહીઓ કરાવી ફરીયાદીની જાણ બહાર રૂા. ૧,૧૫,૦૦૦/– (અંકે રૂપિયા એક લાખ પંદર હજાર) પુરા લોનના પૈસા ઉપાડી લીઘેલ. ત્યારબાદ ફરીયાદીએ તેમના પતિ અને દિયર નામે ઠાકોર રામાજી લક્ષ્મણજી ગામ–વાવડી વાળાને ગામના બીજા બે આગેવાનોને સદર બાબતની જાણ કરેલી અને આરોપીના ઘરે ગયેલા અને જણાવેલ કે, ફરીયાદીના પૈસા જાણ બહાર કેમ ઉપાડી લીઘા છે? તારી ઉપર પોલીસ ફરીયાદ કરીએ છીએ. એટલે આરોપીએ કહેલ કે પૈસા ઉપાડી લીઘાની કોઈને વાત કરતા નહી મારી આબરૂ જશે. મારે દેવુ થઈ ગયેલ છે હાલ તમારા પૈસા વપરાઈ ગયેલ છે. થોડા દિવસમાં પરત કરી દઈશ તેવુ જણાવેલ. ત્યારબાદ ફરીયાદીએ લેણી રકમની કડક ઉઘરાણી કરતાં ફરીયાદીના દિયર ઠાકોર રામાજી લક્ષ્મણજીની હાજરીમાં એક માસ પછી રૂા. ૫૦,૦૦૦/– (અંકે રૂપિયા પચાસ હજાર પુરા) પરત આપેલ. અને રૂા. ૬૫,૦૦૦/– (અંકે રૂપિયા પાંસઠ હજાર પુરા) તા.૧૫/૦૬/૨૦૨૪ ના રોજ પરત આપવાનો વાયદો કરેલ. ત્યારબાદ ફરીયાદી તથા તેમના પતિ અને દિયર વાયદો પુરો થતાં, આરોપીના ઘરે ઉઘરાણી ગયેલા તો આરોપી એકદમ ઉશ્કેરાઈ જઈ કહેલ કે, તારે શેના પૈસા લેવા ના તારાથી થાય તે કરી દેવાનુ હવે તને પૈસા પરત મળશે નહી. અહીયા હવે પછી પૈસા લેવા આવીશ તો જાનથી મારી નાખીશ એવી ઘમકી ફરીયાદીને આપેલ. ત્યારબાદ ફરીયાદીએ આરોપી વિરૂઘ્ઘ સતલાસણા પોલીસ સ્ટેશને છેતરપીડી બાબતે લેખીત ફરીયાદ આપેલી. જેથી સતલાસણા પોલીસ બન્ને પક્ષકારોને બોલાવેલા અને આરોપીએ કહેલ કે, હાલમાં પૈસાની સગવડ

થાય તેમ નથી જેથી તમને ચેક આપુ છુ  એટલે તમારા કાયદેસરના બાકી નાણાં મળી જશે. જેથી ફરીયાદીએ આરોપીને કહેલ કે, મારી સાથે બેંકમાં ચાલો અને લોનની કુલ રકમ પ્રમાણેના થતા હોય તેટલા પૈસા આપો. જેથી આરોપીએ કહેલ કે બેંકનુ કામકાજ કરૂ છું એટલે મને ખબર છે. તમારે રૂા. ૭૫,૦૦૦/–(અંકે  રૂપિયા પંચોતેર હજાર ભરવાના થશે તે પ્રમાણેની રકમ ભરીને ચેક આપુ એટલ તમને તમારા કાયદેસરના નાણાં મળી જશે. જેથી આરોપી ઉપર વિશ્વાસ અને ભરોસો રાખેલો.  ત્યારબાદ આરોપીએ લીધેલ કાયદેસરની  લેણી રકમ રૂા. ૭૫,૦૦૦/– (અંકે રૂપિયા પંચોતેર હજાર પુરા) વસુલાત માટે તેમના એકસીસ બેન્ક વાવ શાખાનો ચેક નં. ''૦૦૦૦૧૯'' નો આરોપીઓ ફરીયાદીની રૂબરૂ ભરીને સહી કરીને આપેલ અને કહેલ કે હું કહુ તે તારીખે બેંકમાં જમા કરાવશો તો તમારા લેવાના થતાં કાયદેસરના બાકી નાણાં તમને મળી જશે જેથી આરોપીની વાત ઉપર વિશ્વાસ રાખી સદરહુ ચેક વટાવવા સારૂ આરોપીએ કરેલ વાયદા પ્રમાણે  વટાવવા સારૂ બેંક ઓફ બરોડા સતલાસણા શાખામાં જમા કરાવતાં સદર ચેક સ્વીકાર્યા વગર "FUNDS INSUFFICIENT" ના શેરા સાથે તા.૨૪/૦૯/૨૦૨૪ ના રોજ રીર્ટન મેમા સાથે પરત ફરેલો અને તે અંગેની જાણ ફરીયાદીએ આરોપીને કરતા તેઓએ ઉડાઉ જવાબ આપેલ. જેથી ફરિયાદીએ તેઓના એડવોકેટશ્રી મારફતે તા. ૧૯/૧૦/૨૦૨૪ ના રોજ કાયદેસરની લહેણી રકમ રૂા. ૭૫,૦૦૦/– ચુકવી આપવા એક રજીસ્ટર પો.એડી.થી આરોપીને નોટીસ આપેલી. જે નોટીસ આરોપીને તા.૨૧/૧૦/ ૨૦૨૪ ના રોજ બજી ગયેલ છે. તેમ છતાં આરોપીએ આજદીન સુધીમાં ફરીયાદીની બાકી નીકળતી કાયદેસરની રકમ વસુલ આપેલી નથી કે, નોટીસનું કોઈ પાલન કરેલ નથી. આમ, આરોપીએ ખાતામાં પુરતુ બેલેન્સ નહી હોવાનુ જાણતા હોવા છતાં ઈરાદાપૂર્વક ફરીયાદીને ખોટો

